# સ્પે.દિ.મુ.નં.૩૭/૨૦૨૩ નાં કામે આંક–૫ ની અરજી લગત હુકમ :–

વાદી તરફે વિ.વકીલશ્રી ડી.બી.ભટ્ટ
પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એન.આર.મલેક

(૧.) આ કામના વાદીએ પ્રતિવાદીઓ સામે વેચાણ દસ્તાવેજ રદ કરાવવાનો તથા જાથુનો કાયમી મનાઇહુકમ મેળવવા માટેનો દાવો લાવી, હાલની આ આંક–૫ ની અરજ સી.પી.સી.ઓર્ડર ૩૯ રૂલ્સ ૧,૨ તથા કલમ ૧૫૧ મુજબ વચગાળાના સમયનો કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે આપેલ છે.

(૧.૧.) આ કામના વાદીની મનાઇ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ કેસરા, તા.મહેમદાવાદ, જી.ખેડાની સીમના રેવન્યુ સર્વે/બ્લોક નં.૪૧૮ ખાતા નં.૮૦૭ જેનું કુલ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ આરે ખેતીલાયક જમીન જેના ચારખુંટની વિગત જોતાં પુર્વે : બ્લોક નં.૪૧૩ વાળી જમીન, પશ્ચિમે : જાહેર રસ્તો, ઉત્તરે : બ્લોક/સર્વે નં.૪૨૨ વાળી જમીન તથા દક્ષિણે : બ્લોક/સર્વે નં.૪૧૩ વાળી જમીન આવેલ છે. આમ, ઉપરોકત ચારખુંટ વચલી જમીન જે વાદીની માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. વાદીએ સદર જમીનનો દસ્તાવેજ કરેલ તે પહેલા સદર મિલકત તથા અન્ય આજુબાજુની જમીનોનો વેચાણ દસ્તાવેજ રાજેશભાઈ મનુભાઈ પટેલનાઓએ તા.૨૦.૦૫.૧૯૯૪ ના રોજ કરવામાં આવેલ હતો અને તે સમયે સર્વે નં.૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧,૨,૩, ૩૬૯/૧, ૩૬૯/૩ ના બ્લોક નં.૪૧૬ નો કુલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ નો કરેલ હતો અને ત્યારથી રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ દાખલ થયેલ અને બધી જ જમીન સળંગ કરી ખેતી કરતા આવેલ હતા અને સને ૧૯૯૪ થી તેમનો કબજો ભોગવટો આવેલ હતો અને તેમની પાસેથી વાદીએ તા.૧૩.૦૬.૨૦૦૧ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ અને તે દસ્તાવેજના આધારે બ્લોક નં.૪૧૬ ના ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ ના માલિક વાદી બનેલ છે અને ત્યારથી સદર મિલકતમાં વાદીનો કબજો ભોગવટો આવેલ છે. દાવાવાળી સદર મિલકત તથા વાદીની તેની સાથે આવેલ અન્ય મિલકત કે જેઓ એકસાથે જ ભેગી આવેલ છે તેમાં કેસરાના રહેવાસી રજનીભાઈ રતીભાઈ પટેલનાઓ મારફતે ખેતી કરાવે છે અને તે વાદીને ત્યાં નોકરી કરે છે. આ કામના પ્રતિવાદી નં.૧૮ ધ્વારા વાદીની જમીનમાં વાદી તથા વાદીના માણસની ગેરહાજરીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી માપણી કરાવેલ હતી અને તે માપણી શીટ મેળવી જેની જાણ વાદીના માણસને થતા તેમને માપણી શીટ મળતા તેમના ધ્વારા વાદીને જાણ થયેલ અને તેથી વાદીની સળંગ આવેલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ માં માપણી થયેલ છે, જેથી સક્ષમ અધિકારી સમક્ષ તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરતા તે માપણી શીટ કેન્સલ યાને રદ કરવામાં આવેલ છે. આ કામના

પ્રતિવાદી નં.૧ થી ૧૭ ધ્વારા ગેરકાયદેસર રીતે લેન્ડ રેકર્ડની માપણી કરાવ્યા વિના રેવન્યુ ડીપાર્ટમેન્ટમાંથી મેળાપીપણામાં તા.૩૦.૦૪.૨૦૧૭ ના રોજ નવુ પાન જનરેટ કરાવી બ્લોક નં.૪૧૮ ઉભો કરવામાં આવેલ અને તેના આધારે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ તેમના નામ ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં આવતા વાદીના કબજા ભોગવટામાં આવેલ મિલકત જે બ્લોક નં.૪૧૬ છે અને તેનું ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ છે તેમાં બ્લોક નં.૪૧૮ બતાવી દીધેલ છે અને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે, જે વેચાણ દસ્તાવેજ તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ વાદીની જાણ બહાર થયેલ છે. જયારે તે દસ્તાવેજમાં બતાવેલ ક્ષેત્રફળવાળી જગ્યા આવેલ જ નથી. જેથી આ કામના પ્રતિવાદી નં.૧૮ નાએ વાદીના બ્લોક નં.૪૧૬ માં આવેલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ માંથી તેમનું ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નો કબજો લેવાની પેરવી કરી રહેલ છે અને તે તે માથાભારે અને વગ ધરાવતા જુથવાબળવાળા ઇસમ હોય ક્ષેત્રફળ જુદું કરાવીને ત્યાં ફેન્સીગ મારવાની તૈયારીઓ કરી રહેલ છે.

(૧.૨) વધુમાં જણાવે છે કે, વાદી ધ્વારા દાવાવાળી મિલકત અગાઉના માલિક રાજેશભાઈ મનુભાઈ પટેલ કે જેઓએ વિનીતકુમાર રમેશભાઈ પટેલનાઓ પાસેથી વેચાણ રાખેલ હતી અને તેમના વેચાણની નોંધ નં.૬૧૦ પાડવામાં આવેલ છે તેમાં પણ આજ ક્ષેત્રફળ બતાવેલ છે અને વિનીતકુમાર પણ તેટલા જ ક્ષેત્રફળમાં કબજો ભોગવટો ધરાવતા હતા અને તેમણે રાજેશભાઈને સોંપેલ અને રાજેશભાઈ મનુભાઈ પટેલનાઓ પાસેથી વાદીએ વેચાણ રાખેલ છે જેની ફેરફાર નોંધ નં.૧૨૩૧ પાડવામાં આવેલ છે તે પ્રમાણિત થયેલ છે અને તે રીતે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થયેલ છે તેમછતાં પ્રતિવાદીઓ ધ્વારા ખોટી રીતે વેચાણ દસ્તાવેજ કરી દેવામાં આવેલ છે અને કબજો ભોગવટો મેળવવા પ્રયત્ન કરી રહેલ છે. જેથી પ્રતિવાદીઓના ગેરકૃત્યને અટકાવવા તથા દાવાવાળી જમીનમાં આવેલ વાદીના કબજા ભોગવટામાં હેલો હરકત કરે કરાવે નહી તથા વાદીને ખેતી કરતાં ઉપજ લેતાં રોકે રોકાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને વાદીના લાભમાં દાવાના આખરી નિકાલ સુધીનો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા માંગણી કરેલ છે.

(૨.) સદરહુ મનાઈ અરજી સંદર્ભે પ્રતિવાદીઓને ધારાસર નોટિસ બજતાં પ્રતિવાદીઓએ તેમના વિ.વકીલશ્રી એન.આર.મલેક મારફતે હાજર રહી આ અરજીનો આંક–૧૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીની સદર અરજીમાં જણાવેલ હકીકતોનો સર્વાંશે ઈન્કાર કરી જણાવે છે કે, મોજે ગામ કેસરા, તા.મહેમદાવાદ, જી.ખેડાના સર્વે નં.૪૧૬ વાળી જમીન સુરજબેન ઉમેદજીની દીકરીના નામે સને ૧૯૫૧–૫૨ થી તેમની માલિકીની આવેલ. ત્યારબાદ સદર જમીન બબાજી અમરાજી તથા ચંદાજી અમરાજીને ગણોતધારામાં વેચાણ મળેલ. ત્યારબાદ વાદીના જણાવ્યા પ્રમાણે

તા.૨૦.૦૫.૧૯૯૪ ના રોજના વેચાણ દસ્તાવેજ નં.૩૨૭ થી રાજેશભાઈ મનુભાઈ પટેલનાએ વેચાણ રાખેલ હોવાનું જણાવેલ છે. જે મુજબ વાદીએ રજુ કરેલ દસ્તાવેજ નં.૩૨૭ મુજબ રાજેશભાઈ પટેલનાએ સદર જમીન વિનીતકુમાર રમેશભાઈ પટેલનાઓ પાસેથી વેચાણ રાખેલ હોવાનું દર્શાવેલ છે. પરંતુ વિનીતકુમાર રમેશભાઈ પટેલનાઓ સદર જમીનના કંઈ રીતે માલિક કબજેદાર બનેલ તેનો માલિકી હકક અંગેનો કોઈ દસ્તાવેજ કે દસ્તાવેજની કોઈ વિગત વાદીએ દાવામાં જણાવેલ નથી. વિનીતકુમાર રમેશભાઈ પટેલનાએ સદર જમીનની માલિકી કંઈ રીતે પ્રાપ્ત કરી તેના માલિકી અંગેની કોઈ વિગત કે મિલકત તબદિલી કોઈ કાયદેસરનો કોઈ પુરાવો વાદીએ નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. સદર સર્વે નં.૪૧૬ ના રેવન્યુ રેકર્ડના હકકપત્રકે સને ૧૯૮૧–૮૨ થી વિનીતકુમાર રમેશભાઈ પટેલનો નામ કયા હકક અધિકારથી કબજેદારના કોલમમાં દાખલ થયેલ તેમાં કોઈ કાયદેસરનો પુરાવો વાદીએ સદર કામે રજુ કરેલ નથી અને તે મુજબ વિનીતકુમારનાઓ બ્લોક નં.૪૧૬ ના સર્વે નં.૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ ના માલિકી અંગેના અધિકારના કોઈ દસ્તાવેજી પુરાવો વાદીએ રજુ કરી સદર હકીકત પુરવાર કરેલ નથી. જે હકીકત મુજબ બ્લોક નં.૪૧૬ માં સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ નો સમાવેશ થતો હોવાનો અને તે તમામ સર્વે નંબરોના કાયદેસરના માલિક વિનીતકુમાર પટેલનાઓ હોવાનો કોઈપણ કાયદેસરના માલિકીના દસ્તાવેજી પુરાવાથી વાદીએ પુરવાર કરેલ નથી જેથી વિનીતકુમાર પટેલનાએ બ્લોક નં.૪૧૬ તથા સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ વાળી જમીનોના કાયદેસરના માલિકી હકકે રાજેશભાઈ મનુભાઈ પટેલને રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૨૭ તા.૨૦.૦૫.૧૯૯૪ ના રોજ કાયદેસર રીતે કરી આપેલ હોવાનો વાદીએ પુરવાર કરેલ નથી. તેજ રીતે રાજેશભાઈ મનુભાઈ પટેલનાએ સદર કામના વાદી હરીશભાઈ મગનભાઈ પટેલને બ્લોક/સર્વે નં.૪૧૬ રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૪૭ થી તા.૧૩.૦૬.૨૦૦૧ ના રોજ કાયદેસર રીતે વેચાણ આપેલ હોવાનું પુરવાર થતું નથી તેજ રીતે સદર કામના વાદી બ્લોક/સર્વે નં.૪૧૬ તથા સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ વાળી તમામ જમીનના કુલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ ના કાયદેસરના માલિક કબજેદાર વેચાણ દસ્તાવેજ નં.૩૪૭ થી બનેલ હોવાનું પુરવાર થતું નથી. તે રીતે વાદીએ કોઈપણ પુરાવાથી પુરવાર કરેલ નથી કે બ્લોક/સર્વે નં.૪૧૬ માં તમામ સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ નો એકત્રીકરણથી સમાવેશ થાય છે અને તે તમામ સર્વે નંબરોનો કુલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ થાય છે. બ્લોક નં.૪૧૬ ના રેવન્યુ રેકર્ડના ૭/૧૨ માં સને ૧૯૮૧–૮૨ થી ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ સ્પષ્ટ રીતે દર્શાવેલ છે અને જમીન માપણી કચેરીના નકશામાં પણ તે રીતે બ્લોક/સર્વે નં.૪૧૬ દર્શાવેલ છે જે મુજબ વાદી બ્લોક નં.૪૧૬ ના જણાવેલ તમામ સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ ના કાયદેસરના માલિક કબજેદાર હોવાનું પુરવાર થતું

નથી અને તે રીતે આ દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ તથા અન્ય આજુબાજુની જમીનોનો વેચાણ દસ્તાવેજ રાજેશભાઈ મનુભાઈ પટેલનાએ તા.૨૦.૦૫.૧૯૯૪ ના રોજ કરેલ અને તે સમયે સર્વે નંબરો ૩૫૬/૨, ૩૫૬/૩, ૩૫૭/૧–૨–૩, ૩૬૯/૧, ૩૬૯/૩ નો બ્લોક નં.૪૧૬ નું કુલ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ કરવામાં આવેલ અને તે બધી જ જમીન સળંગ ખેતી કરતા આવેલ હોવાની અને સને ૧૯૯૪ થી રાજેશભાઈ મનુભાઈ પટેલનો કબજો ભોગવટો આવેલ હોવાની અને રેકર્ડમાં તેમના નામ દાખલ થયેલ હોવાની તમામ જણાવેલ હકીકતો ખોટી છે.

(૨.૧.) વધુમાં જણાવે છે કે, દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ ના રેવન્યુ રેકર્ડમાં સદર જમીન હીસામમીયાં નવરંગમીયાંના નામે સને ૧૯૫૨–૫૩ થી ચાલતી આવેલ અને અનુક્રમે તેમના વારસો તરીકે પ્રતિવાદી નં.૧ થી ૧૭ ના નામ રેવન્યુ રેકર્ડના હકકપત્રકે માલિક કબજેદાર તરીકે ચાલતો આવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાએ સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧૮ ને વેચાણ દસ્તાવેજ નં.૩૩૬૭ થી તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ વેચાણ આપેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૧૮ સદર દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ ના કાયદેસરના માલિક કબજેદાર છે. સદર દાવાવાળી જમીનનો જુનો સર્વે નં.૩૬૯/૧ હતો અને ત્યારબાદ સક્ષમ અધિકારીના હુકમથી સને ૨૦૦૭ માં નવો બ્લોક નં.૪૧૮ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ આકાર રૂા.૭.૪૪ આપવામાં આવેલ અને તે રીતે રેવન્યુ રેકર્ડમાં તથા જમીન માપણી કચેરીના નકશામાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે. સદર દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ માં કયારે પણ વિનીતકુમાર રમેશભાઈ પટેલ કે રાજેશભાઈ મનુભાઈ પટેલ કે વાદી હરીશભાઈ મગાભાઈ પટેલનો નામ હકકપત્રકે દાખલ થયેલ નથી. વાદીએ જણાવ્યા પ્રમાણે વાદી દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ ના માલિક કબજેદાર હોવાની જણાવેલ તમામ હકીકતો ખોટી છે. દાવાવાળી મિલકતનો બ્લોક/સર્વે નં.૪૧૮ છે. જયારે વાદીની કહેવાતી માલિકીની જમીનનો બ્લોક/સર્વે નં.૪૧૬ છે જે જમીનની ઉત્તર દિશા તરફ સરકારી નળી રસ્તો આવેલ છે અને ત્યારબાદ બ્લોક નં.૪૧૩ આવેલ છે અને ત્યારબાદ દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ આવેલ છે. જે રીતે વાદીના જણાવ્યા પ્રમાણે તેમની માલિકીની જમીન બ્લોક નં.૪૧૬ અને દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ એકસાથે ભેગી સળંગ આવેલ હોવાની અને ખેતી કરતા હોવાની જણાવેલ તમામ હકીકતો રેવન્યુ રેકર્ડ અને સ્થળ સ્થિતિ મુજબ ખોટી છે. પ્રતિવાદી નં.૧૮ નાએ પ્રતિવાદીઓની માલિકીની બ્લોક નં.૪૧૮ ની માપણી કરાવેલ હતી. પરંતુ વાદીની જમીન બ્લોક નં.૪૧૬ ની માપણી કરાવેલ નથી. જેથી વાદીએ જણાવ્યા પ્રમાણે પ્રતિવાદીએ વાદીની જમીનના ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ ની માપણી કરાવેલ હોવાની જણાવેલ હકીકત ખોટી છે. બ્લોક નં.૪૧૮ ની માપણીની અરજી ઓનલાઈન કરેલ ના હોવાથી અને ખાનગી માપણી કરેલ હોવાથી તે કારણોસર રદ કરવામાં આવેલ હતી. પરંતુ

વાદીએ જણાવ્યા પ્રમાણે વાદીએ સક્ષમ અધિકારી સમક્ષ દસ્તાવેજી પુરાવા રજુ કરતા માપણી શીટ રદ કરવામાં આવેલ હોવાની જણાવેલ હકીકત ખોટી છે. દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ નો જુનો સર્વે નં.૩૬૯/૧ સને ૧૯૫૨–૫૩ થી પ્રતિવાદી નં.૧ થી ૧૭ ના વડીલ હીસામમીયાં નવરંગમીયાંના નામે રેવન્યુ રેકર્ડના હકકપત્રકે માલિક કબજેદાર તરીકે ચાલતી આવેલ અને ત્યારબાદ તેમની વારસાઈથી પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ સદર દાવાવાળી મિલકતમાં માલિક કબજેદાર બનેલ અને તેમના કબજા ભોગવટામાં સદર દાવાવાળી મિલકત ચાલતી આવેલ. ત્યારબાદ દાવાવાળી મિલકત બાબતે મહેમદાવાદ મામલતદારશ્રીના હુકમ નં.૧૩૦/૨૦૦૭ તા.૨૧.૦૪.૨૦૦૭ ના રોજના કાયદેસરના હુકમ મુજબ સર્વે નં.૩૬૯/૧ ને નવો બ્લોક નં.૪૧૮ આપવામાં આવેલ જે હુકમની નોંધ દાવાવાળી મિલકતના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૭૧૪ થી તા.૩૦.૦૪.૨૦૦૭ ના રોજ દાખલ થઈ પ્રમાણિત થયેલ છે અને તે મુજબ સર્વે નં.૩૬૯/૧ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ આકાર રૂ.૭.૪૪ ને નવો બ્લોક નં.૪૧૮ સક્ષમ અધિકારીના હુકમ મુજબ આપવામાં આવેલ છે. જે દાવાવાળી મિલકતનો બ્લોક નં.૪૧૮ છે અને તે મુજબ પ્રતિવાદી નં.૧ થી ૧૭ નું નામ માલિક કબજેદાર તરીકે ચાલતો આવેલ જે દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ ની દક્ષિણ દિશા તરફ બ્લોક નં.૪૧૩ આવેલ છે અને તેના પછી સરકારી નળી–રસ્તો પુર્વ–પશ્ચિમ દિશામાં આવેલ છે. ત્યારબાદ વાદીએ જણાવેલ બ્લોક નં.૪૧૬ આવેલ છે જેનો જુનો સર્વે નં.૩૫૬/૩ જમીન માપણી નકશામાં દર્શાવેલ છે અને સને ૧૯૮૧–૮૨ ના રેવન્યુ રેકર્ડના ૭/૧૨ માં બ્લોક નં.૪૧૬ નું ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ દર્શાવેલ છે જે રેકર્ડ મુજબની હકીકત મુજબ દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ જેનો જુનો સર્વે નં.૩૬૯/૧ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ વાળી જમીન પ્રતિવાદી નં.૧ થી ૧૭ ની માલિકીની વારસાઈથી આવેલ હોવાનું દર્શાવેલ છે. જયારે વાદીએ જણાવેલ બ્લોક/સર્વે નં.૪૧૬ જેનો જુનો સર્વે નં.૩૫૬/૩ ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ વાળી મિલકત સને ૧૯૮૧–૮૨ થી તે મુજબ રેવન્યુ રેકર્ડમાં ચાલતો આવેલ છે. દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ માં કયારે પણ વાદીનું નામ માલિક કબજેદાર તરીકે દાખલ થયેલ નથી કે બ્લોક નં.૪૧૮ વાળી જમીનનું કોઈપણ ક્ષેત્રફળ બ્લોક નં.૪૧૬ માં આવેલ હોવાનું પુરવાર થતું નથી. જે રીતે દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાની સને ૧૯૫૨–૫૩ થી ગણોતધારા હેઠળ મળેલ વડીલ વારસાઈથી કાયદેસર માલિકી કબજા ભોગવટાની આવેલ અને ત્યારબાદ તેમણે પ્રતિવાદી નં.૧૮ ને કાયદેસરના માલિકી હકકે કાયદેસરના વેચાણ દસ્તાવેજ નં.૩૩૬૭ થી તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ વેચાણ આપેલ છે. જે રીતે દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ માં વાદીને કોઈ કાયદેસરનો હકક અધિકાર આવેલ નથી જેથી વાદી વેચાણ દસ્તાવેજ નં.૩૩૬૭ ને કાયદેસર રીતે પડકારવા હકકદાર બનતા નથી.

(૨.૨.) વધુમાં જણાવે છે કે, વાદીએ જણાવ્યા પ્રમાણે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાએ ગેરકાયદેસર રીતે મેળાપીપણામાં રેવન્યુ ડીપાર્ટમેન્ટમાંથી તા.૩૦.૦૭.૨૦૧૭ ના રોજ નવો બ્લોક નં.૪૧૮ ઉભો કરેલ અને નામ દાખલ કરેલ હોવાની જણાવેલ હકીકતો તેમજ બ્લોક નં.૪૧૬ ના ક્ષેત્રફળ ૫–૦૭–૮૯ માં બ્લોક નં.૪૧૮ બતાવી દીધેલ હોવાની અને તેનો દસ્તાવેજ તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ પ્રતિવાદી નં.૧૮ ને વાદીની જાણ બહાર કરી આપેલ હોવાની તેમજ પ્રતિવાદી નં.૧૮ વાદીના બ્લોક નં.૪૧૬ માંથી ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નો કબજો લઈ ફેન્સીંગ મારવાની તૈયારી કરતા હોવાની જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવેલ છે. વાદીએ મનાઈ અરજીમાં નામ.કોર્ટ સમક્ષ સાચી હકીકતો છુપાવીને ખોટી હકીકતો આધારે મનાઇ અરજી લાવેલ છે જે રદ થવાને પાત્ર છે. દાવાવાળી જમીન બ્લોક નં.૪૧૮ માં તા.૩૦.૦૪.૨૦૦૭ ના રોજ સક્ષમ અધિકારીના હુકમ મુજબ દાવાવાળી જમીનના જુના સર્વે નં.૩૬૯/૧ ને નવો બ્લોક નં.૪૧૮ આપવાનો હુકમ થયેલ જે હુકમની ફેરફાર નોંધ નં.૧૭૧ ૪ હકકપત્રકે દાખલ થઈ પ્રમાણિત થયેલ જે નોંધને સદર કામના વાદીને જાણ હોવા છતાં આજદિન સુધી કોઈપણ સક્ષમ કોર્ટ કચેરીમાં પડકારેલ નથી અને ત્યારબાદ ૧૬ વર્ષ પછી સદર નોંધ બાબતે નામ.કોર્ટ સમક્ષ સદર દાવામાં દાવાવાળી મિલકત બ્લોક નં.૪૧૮ બાબતે માલિકી હકક અંગેની તકરાર ઉભી કરેલ છે જે રીતે વાદીએ માલિકી હકક અંગેની તકરાર જાણ થયા સમયથી ૧૨ વર્ષ પછી સમયમર્યાદા બહાર સદર દાવામાં ઉભી કરી મનાઇ અરજી લાવેલ હોય જેને સમયમર્યાદાનો પણ બાધ નડતો હોય જેથી પણ વાદીની મનાઇ અરજી ચાલવા પાત્ર ન હોય ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના વાદી તરફે આંક–૧૯ થી પ્રતિવાદીઓના જવાબની સામે કાઉન્ટર એફીડેવીટ રજુ કરી પ્રતિવાદીઓએ સદર કામ ચલાઉ મનાઇ અરજીનો આંક–૧૫ થી રજુ કરેલ જવાબની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોઇ જે તેઓને કબુલ મંજુર ન હોઇ તેનો ઇન્કાર કરી મનાઇઅરજીને વળગી રહી માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવા માંગણી કરેલ છે.

(૪) આ કામે વાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| અ.નં. | માર્ક | દસ્તાવેજની વિગત. | તારીખ. |
|---|---|---|---|
| ૧. | ૩/૧ | વાદીએ કરી આપેલ પાવર ઓફ એટર્નીની નકલ | ૦૬/૦૯/૨૦૨૩ |
| ૨. | ૩/૨ | રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૨૭/૧૯૯૪ ની નકલ | ૨૦/૦૫/૧૯૯૪ |
| ૩. | ૩/૩ | રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૪૭૧/૨૦૦૧ ની નકલ | ૧૩/૦૬/૨૦૦૧ |
| ૪. | ૩/૪ | બ્લોક/સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ | ૧૩/૦૭/૨૦૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૩/૫ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૬૬૫ | ૧૭/૦૩/૨૦૦૭ |
| ૬. | ૩/૬ | ગણોત કેસ નં.૧૮૦/૦૫ ના કામે કરેલ નોટિસ | ૧૧/૦૮/૨૦૦૬ |
| ૭. | ૩/૭ | રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૩૬૭/૨૦૨૩ ની નકલ | ૨૭/૦૭/૨૦૨૩ |
| ૮. | ૩/૮ | મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની નકલ | ૦૩/૦૯/૨૦૨૩ |
| ૯. | ૩/૯ | જીલ્લા માપણી અધિકારી, નડીઆદને માપણી શીટ રદ કરવા બાબતે આપેલ વાંધા અરજી | ૩૧/૦૮/૨૦૨૩ |
| ૧૦. | ૩/૧૦ | જીલ્લા નિરીક્ષક જમીન દફતર,ખેડા ધ્વારા મોજે કેસરના બ્લોક/સર્વે નં.૪૧૬ નુ રેકર્ડ ઉપલબ્ધ થયેલ ન હોવા બાબતે આપેલ પ્રમાણપત્ર. | – |
| ૧૧. | ૩/૧૧ | મોજે કેસરાના બ્લોક નં.૪૧૬ નો એકત્રીકરણ તકતાની નકલ રેકર્ડ જર્જરીત હોઇ થઇ શકે તેમ નથી તે મતલબનો તલાટી ક્રમ મંત્રીશ્રીએ આપેલ દાખલો. | ૦૧/૦૮/૨૦૨૩ |
| ૧૨. | ૩/૧૨ | મોજે કેસરા ગામે ફેરફાર નોંધ ૧૭૧૪ સાથે રજૂ થયેલ સાધનિક કાગળો મેળવવા મામલતદારશ્રીને કરેલ અરજી | ૧૧/૦૯/૨૦૨૩ |
| ૧૩. | ૩/૧૩ | ડી.આઇ.એલ.આર.કચેરીમાં નકશાની માંગણી કરતી અરજી | ૧૧.૦૯.૨૦૨૩ |
| ૧૪. | ૩૦/૧ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૭૧૪ | – |
| ૧૫. | ૩૦/૨ | ફેરફાર નોંધ પાડવા અંગે એસ ફોર્મની નકલ | |

(૫) આ કામે પ્રતિવાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| **અ.નં.** | **માર્ક** | **દસ્તાવેજની વિગત.** | **તારીખ.** |
|---|---|---|---|
| ૧. | ૧૬/૧ | બ્લોક/સર્વે નં.૪૧૮ નો ગામ નમુના નં.૭ | ૧૬/૦૨/૨૦૨૪ |
| ૨. | ૧૬/૨ | મોજેકેસરાના ખાતા નં.૧૨૩૨નો ગામ નમુના નં.૮–અ | ૧૬/૦૨/૨૦૨૪ |
| ૩. | ૧૬/૩ | સર્વે નં.૩૬૯/૧ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૫૧–૧૯૫૨ |
| ૪. | ૧૬/૪ | સર્વે નં.૩૬૯/૧ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૬૧–૧૯૬૨ |
| ૫. | ૧૬/૫ | સર્વે નં.૩૬૯/૧ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૭૪–૧૯૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ૧૬/૬ | ગામ નમુના નં.૬ ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૭૨૦ | – |
| ૭. | ૧૬/૭ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૫૮૨ | – |
| ૮. | ૧૬/૮ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૭૭૫ | – |
| ૯. | ૧૬/૯ | ગામ નમુના નં.૬ ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૮૦૨ | – |
| ૧૦. | ૧૬/૧૦ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૮૦૩ | – |
| ૧૧. | ૧૬/૧૧ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૮૯૦ | – |
| ૧૨. | ૧૬/૧૨ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૩૫૧૪ | – |
| ૧૩. | ૧૬/૧૩ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૩૯૬૨ | – |
| ૧૪. | ૧૬/૧૪ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૧૭૧૪ | – |
| ૧૫. | ૧૬/૧૫ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૨૦૦૨ | – |
| ૧૬. | ૧૬/૧૬ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૪૮૦ | – |
| ૧૭. | ૧૬/૧૭ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૪૮૩ | – |
| ૧૮. | ૧૬/૧૮ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૪૮૪ | – |
| ૧૯. | ૧૬/૧૯ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૪૮૫ | – |
| ૨૦. | ૧૬/૨૦ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૪૮૮ | – |
| ૨૧. | ૧૬/૨૧ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૫૦૭ | – |
| ૨૨. | ૧૬/૨૨ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૫૦૮ | – |
| ૨૩. | ૧૬/૨૩ | ગામ નમુના નં.૬ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૫૧૭ | – |
| ૨૪. | ૧૬/૨૪ | ગામ નમુના નં.૬ ના હકકપત્રકે ફેરફાર નોંધ નં.૪૫૨૫ | – |
| ૨૫. | ૧૬/૨૫ | સર્વે નં.૪૧૬/૧,૧,૩,૪ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૫૧–૧૯૫૨ |
| ૨૬. | ૧૬/૨૬ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૬૧–૧૯૬૨ |
| ૨૭. | ૧૬/૨૭ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૭૪–૧૯૭૫ |
| ૨૮. | ૧૬/૨૮ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૮૧–૧૯૮૨ |
| ૨૯. | ૧૬/૨૯ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૮૫–૧૯૮૬ |
| ૩૦. | ૧૬/૩૦ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ અને ૧૨ | ૧૯૯૩–૧૯૯૪ |
| ૩૧. | ૧૬/૩૧ | ગામ તળનો નકશો | – |

| | | | |
|---|---|---|---|
| ૩૨. | ૧૬/૩૨ | બ્લોક સર્વે નં.૪૧૮ ની માપણી શીટ | – |
| ૩૩. | ૧૬/૩૩ | સર્વે નં.૪૧૩ નો ગામ નમુના નં.૭ | ૧૭/૦૪/૨૦૨૪ |
| ૩૪. | ૧૬/૩૪ | સર્વે નં.૪૧૬ નો ગામ નમુના નં.૭ | ૧૭/૦૪/૨૦૨૪ |
| ૩૫. | ૨૮/૧ | બ્લોક નં.૪૧૮ દર્શાવતો ગામ તળનો નકશો | – |
| ૩૬. | ૨૮/૨ | બ્લોક નં.૪૧૮ દર્શાવતો ગામ તળનો નકશો | – |

(૬) આ કામે વાદી તર્ફેના વિ.વકીલશ્રી ડી.બી.ભટ્ટએ આંક–૨૬ થી તથા પ્રતિવાદીઓ તર્ફેના વિ.વકીલશ્રી એસ.ઓ.વડગામાએ આંક–૨૭ થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે.

(૭) આ કામે પક્ષકારોની દલીલો અને કેસના સંજોગો ધ્યાને લેતાં હાલની આ અરજી ના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે તેમની તરફેણમા પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે ન્યાયની સમતુલા સગવડતા અગવડતાની તુલા તેમની તરફેણમાં છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે મજકુર અરજી મંજુર કરવામા ન આવે તો તેમને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ અપરિહાર્ય નુકસાન થાય તેમ છે?

૪. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

## // કારણો //

**મુદ્દા નંબર ૧ થી ૩ ની સંયુકત ચર્ચા:–**

(૯) આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય પુનરાવર્તન ન થાય તે હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૧૦) ઉભય પક્ષોની દલીલો જોતાં તેમજ કાયદાના સ્થાપિત સિધ્ધાંતો જોતાં વચગાળાનો મનાઈહુકમ મેળવવાના તબકકે વાદીએ જયારે મનાઈહુકમ મેળવવા માટે દાદ માંગેલ હોય ત્યારે પ્રાયમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરરીપેબલ લોસ હોય અને તે અદાલતને સંતોષ થાય તે રીતે સોંગદનામાંથી અગર તો અન્ય રીતે દસ્તાવેજી પુરાવાઓ દવારા ત્રણે તત્વો અસ્તિત્વ તેમની તરફેણમા હોવાનુ અદાલતને સંતોષ થાય તેમ બતાવી શકે તો વચગાળાના તબકકે મનાઈહુકમ આપી શકાય અને તેમાંથી જો કોઈપણ એક તત્વ પણ હાજર ન હોય તો મનાઈહુકમ આપી શકાય નહી તેમ આ અદાલત માને છે.

(૧૧) આ કામ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદીના વિ.વકીલશ્રીએ તેઓની લેખિત દલીલમાં મુખ્યત્વે મનાઇઅરજીની હકીકતનો દોહરાવેલ છે અને તેના સમર્થનમાં નિ.૩/૩ થી રજી.વેચાણ દસ્તાવેજ અનું.નં.૩૪૭૧/૨૦૦૧ ની નકલ રજુ રાખેલ છે તે ધ્યાને લેતાં તે બ્લોક નં.૩૧૦ તથા બ્લોક નં.૪૧૬ નો વેચાણ દસ્તાવેજ છે અને તે આધારે દાવાવાળી બ્લોક સર્વે નં.૪૧૬ ક્ષેત્રફળ હે.૦૫–૦૭–૮૯ વાળી જમીન વાદીએ મુળ માલિક રાજેશભાઇ મનુભાઇ પટેલ પાસેથી વેચાણ રાખેલ અને સદર વેચાણ દસ્તાવેજ આધારે વાદીનું નામ નિ.૩/૪ મુજબ તેના રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ ત્યારથી વાદી સદર બ્લોક નં.૪૧૬ વાળી જમીનના માલિક કબજેદાર બનેલ છે. વધુમાં આ કામે વાદીની રજુઆત મુજબ પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાએ ગેરકાયદેસર રીતે લેન્ડ રેકર્ડની માપણી કરાવ્યા વિના રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં મેળાપીપણું કરી તા.૩૦.૦૪.૨૦૧૭ ના રોજ નવું પાન જનરેટ કરાવી બ્લોક નં.૪૧૮ ઉભો કરાવી તેઓના કબજા ભોગવટામાં આવેલ મિલકત બ્લોક નં.૪૧૬ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ છે તેમાં બ્લોક નં.૪૧૮ બતાવી તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ વાદીની જાણ બહાર પ્રતિવાદી નં.૧૮ ની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપી વાદીઓની જમીન ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ માંથી ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નો કબજો લેવા પેરવી કરી રહેલ છે અને તેટલુ ક્ષેત્રફળ જુદુ કરાવીને ત્યાં ફેન્સીગ મારવાની તૈયારીઓ કરી રહેલ છે. જયારે પ્રતિવાદીના વિ.વકીલશ્રીએ તેઓની દલીલમાં જવાબની હકીકતો દોહરાવી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે વાદીનો બ્લોક નં.૪૧૬ તથા તેઓનો બ્લોક નં.૪૧૮ છે અને આ બંને બ્લોક અલગ અલગ આવેલ છે. બ્લોક નં.૪૧૮ માં કયારેય વાદીનુ નામ દાખલ થયેલ નથી. બ્લોક નં.૪૧૮ નો જુનો સર્વે નં.૩૬૯/૧ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ હતો જે મુળ પ્રતિવાદી નં.૧ થી ૧૭ ના વડીલ હીસામમીયાં નવરંગમીયાંના નામે રેવન્યુ રેકર્ડે માલિક કબજેદાર તરીકે ચાલતી આવેલ અને તેવી હકીકતના સમર્થનમાં નિ.૧૬/૩ થી નિ.૧૬/૧૧ સુધીની રેવન્યુ રેકર્ડના ગામ નમુના નં.૭ અને ૧૨ તથા ગામ નમુના નં.૬ હકક પત્રકે પડેલ ફેરફાર નોંધો રજુ રાખેલ છે તે હકીકતે પ્રતિવાદી જણાવે છે તેમ બ્લોક નં.૪૧૮ નો મુળ સર્વે નં.૩૬૯/૧ હતો અને તેનુ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નો હતો જે તેઓએ નિ.૩/૭ થી

રજુ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૩૬૭ થી તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ અને ત્યારથી તે તેઓના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે. આ કામે વાદીની રજુઆત મુજબ બ્લોક નં.૪૧૬ કુલ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ તેઓનો માલિકીનો છે અને તેમાંથી પ્રતિવાદીઓએ ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નો બ્લોક નં.૪૧૮ ઉભો કરી કુલ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ માંથી પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વાદીની બ્લોકના કુલ ક્ષેત્રફળમાંથી ૦–૯૬–૧૧ વાળી જમીનમાં ગેરકાયદેસર કબજો કરવા માંગે છે. જયારે પ્રીતવાદીની રજુઆત મુજબ બ્લોક નં.૪૧૮ તથા બ્લોક નં.૪૧૬ બંને અલગ અલગ છે અને તે બંને બ્લોક દર્શાવતો નિ.૨૮/૧ થી ગામતળનો નકશો રજુ રાખેલ છે જે જોતાં તેમાં બ્લોક નં.૪૧૮ અને બ્લોક નં.૪૧૬ વચ્ચે બ્લોક નં.૪૧૩ આવેલ હોવાનુ જણાય છે. પરંતુ આ કામે વાદીએ બ્લોક નં.૪૧૬ વાળી જમીન ખરીદ કરેલ તેના ચારખુંટમાં જે મિલકતો આવેલ છે તેજ મિલકતોનુ બ્લોક નં.૪૧૮ માં વર્ણન બતાવી પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાએ પ્રતિવાદી નં.૧૮ નાઓની તરફેણમાં નિ.૩/૭ થી રજુ વેચાણ દસ્તાવેજ અનું.નં.૩૩૬૭ નો તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ કરી આપેલ છે તે હકીકતે વાદીની જમીનમાંથી સદર બ્લોક નં.૪૧૮ ઉભો કરેલ હોવાનુ જણાય છે પરંતુ નિ.૨૮/૨ થી રજુ નકશો જોતાં તેમાં બંને બ્લોક અલગ અલગ આવેલ હોય અને આ કામે બ્લોક નં.૪૧૬ વાદીનો આવેલ નથી તે દર્શાવતો કોઇજ પુરાવો પ્રતિવાદી તરફે નથી અને તે બાબતે પ્રતિવાદી તરફે તકરાર નથી. પરંતુ પ્રતિવાદીની સ્પષ્ટ એવી રજુઆત છે કે તેઓને બ્લોક નં.૪૧૮ છે જેમાં વાદીને કાંઇ લેવા દેવા નથી અને બ્લોક ૪૧૮ તથા બ્લોક ૪૧૬ બંને અલગ હોય તે હકીકતો ધ્યાને લેતાં બ્લોક નં.૪૧૬ પરત્વે વાદીનો પ્રાઇમાફેસી કેસ હોવાનુ જણાય છે. રેકર્ડપરના પુરાવા આધારે બ્લોક નં.૪૧૬ વાળી ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ વાળી જમીન વાદીના સ્વતંત્ર નામે ચાલતી હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનુ જણાય છે. ઇરીપેરેબલ લોસ જોવામાં આવે તો આ કામે વાદીને એવી દહેશત છે કે તેઓના બ્લોક નં.૪૧૬ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ માંથી ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ વાળી જમીનમાં પ્રતિવાદી કબજો કરવા માંગે છે. જયારે પ્રતિવાદીની રજુઆત મુજબ બ્લોક નં.૪૧૮ વાળી જમીન અલગ આવેલ છે તે હકીકતે બ્લોક નં.૪૧૬ વાળી મિલકત સંબંધે વાદીને મનાઇહુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદીને કોઇ નુકસાન જાય તેમ નથી. કારણ કે પ્રતિવાદીની રજુઆત મુજબ તેઓની જમીન બ્લોક નં.૪૧૮ ની આવેલ છે અને તે બ્લોક નં.૪૧૬ થી અલગ આવેલ છે તે હકીકતે જો બ્લોક નં.૪૧૬ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ વાળી જમીન પરત્વે વાદીને મનાઇહુકમ આપવામાં આવશે તો તેનાથી પ્રતિવાદીને કોઇ નુકસાન જાય તેમ જણાતું નથી. જયારે મનાઇ હુકમ ન આપવાથી વાદીની દહેશત મુજબ તેઓની બ્લોક નં.૪૧૬ વાળી જમીનના ક્ષેત્રફળમાં પ્રતિવાદી ધ્વારા ગેરકાયદેસર કબજો કરવાની શકયતા રહેલી છે. આમ, તમામ સંજોગો જોતા હાલની અરજી ગ્રાહય રાખવાપાત્ર હોય ઉપરોકત મુદૃા નંબર ૧ થી ૩ ના જવાબ હકારમાં ઠરાવી મુદૃા નંબર

૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**મુદ્દા નંબર ૪ ની ચર્ચા :–**

(૧૨) આ કામે ઉપરોકત હકીકતે વિગતે મુદ્દા નંબર ૧ થી ૩ ના પરીણામ સ્વરૂપ, મુદ્દા નંબર ૪ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–: આખરી હુકમ :–**

– વાદીની હાલની આંક–૫ ની અરજી મંજુર કરતો હુકમ કરવામાં આવે છે. વધુમાં એવો આદેશ કરવામાં આવે છે કે, તાલુકા મહેમદાવાના મોજે ગામ કેસરાના બ્લોક નં.૪૧૬ ક્ષેત્રફળ ૦૫–૦૭–૮૯ વાળી વાદીના માલિકી કબજા ભોગવટાની જમીનમાં પ્રતિવાદીઓએ જાતે કે તેમના નોકર, એજન્ટ, એસાઇનીઓ, મળતીયાઓ મારફતે હેલો હરકત કરે કરાવે નહી તેમજ વાદીના માણસોને ખેતી કરતાં ઉપજ લેતાં રોકે રોકાવે નહી તેવો મનાઇહુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ આ દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવામાં આવે છે.

– આ અરજીનો ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૨૬મી,માહે સપ્ટેમ્બર, સને–૨૦૨૫ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૬/૦૯/૨૦૨૫.
મું.ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ,
ખેડા.

[ GJ 01199]